### આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે

# બનાસ મેડિકલ કૉલેજ મોરીયા ખાતે મહિલા મહેરામણ ઉમટ્યું

બનાસકાંઠા, તા. ૮

ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજ મોરીયા ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે પશુપાલક મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.. આજે બનાસ ડેરી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ૩૦ હજારથી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત મહિલાઓની પશુપાલન ક્ષેત્રે જાગૃતિ આવે તે માટે પ્રશિક્ષણ નાટિકા રજૂ કરીને બનાસ ડેરીની વિવિધ પ્રવૃતિઓ વિશે મહિલાઓને માહિતગાર કરી હતી..આજના આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના આદરણીય અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલે વર્ચ્યુઅલ માધ્યમથી હજારો બહેનોને સંબોધન કર્યું હતું.. તેમણે બનાસકાંઠાની મહિલા પશુપાલકોને સહકાર ક્ષેત્રે આપેલા યોગદાનને બિરદાવ્યું હતું. તેમણે કહ્યું કે બનાસની મહિલાઓની તાકાત અને શક્તિ દેશ અને દુનિયા જોઈ રહી છે. દૂધના વ્યવસાય સાથે જોડાયેલી બહેનો કોઈપણ પરિસ્થિતિ સામે લડવા સક્ષમ બની છે. આજે દૂધના વ્યવસાયને બહેનોએ વેગ આપ્યો છે. આજે દિલ્હીમાં પણ સવારની ચા તો બનાસાના દૂધ થકી જ બને છે. આ સાથે તેમણે બનાસ ડેરીના સુકાની તથા પૂર્વ આરોગ્યમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીના સક્ષમ નેતૃત્વ અને પારદર્શક વહીવટના પણ વખાણ કર્યા હતા તથા આટલી મોટી સંખ્યામાં બહેનોના દર્શન માટે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનો આભાર વ્યક્ત કર્યો હતો..

આજના આ પ્રસંગે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે આજે બનાસકાંઠા જિલ્લો બહેનોના પુરુષાર્થ અને બનાસડેરીના પીઠબળ થકી દરમહિને ૧૦૦૦ કરોડની કમાણી કરતો થયો છે..બનાસ ડેરી થકી દિવસે મહિલા પશુપાલકો ૩૦ કરોડ રૂપિયા જેટલી કમાણી કરીને આત્મનિર્ભર બની છે. આજના આ પ્રસંગે બનાસ મેડિકલ કોલેજના પ્રમુખ પી.જે.ચૌધરી , ડેરીના વાઈસ ચેરમેન ભાવાભાઈ,સાંસદ દિનેશભાઈ, બનાસબેંકના ચેરમેન અણદાભાઈ, પૂર્વ મંત્રી હરજીવનભાઈ, પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પ્રજાપતિ, રેખાબેન, પ્રભારી નંદાજી ઠાકોર, સુરેશભાઈ શાહ, પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ, કનુભાઈ વ્યાસ , ડાહ્યાભાઈ પિલિયાતર, સહકારી આગેવાન માલજી ભાઈ , જીવરાજભાઈ પટેલ, વસંતભાઈ પુરોહિત, લાલજીભાઈ પ્રજાપતિ, યશવંત ભાઈ , બનાસ ડેરીનું નિયામક મંડલ સહિત વિવિધ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા..






## જન્મદિને વધામણી



પરેશભાઈ પી.પટેલ
ગાબટ તા. બાયડ



ભાવેશ મગનભાઈ પટેલ
આકરુંદ તા.ધનસુરા



દેવિકાબેન સતિષભાઈ દરજી
શ્રી સરનમ સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી

# અરવલ્લીના મોડાસા ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઈ

**મહિલાલક્ષી કલ્યાણકારી યોજનાથી આજની નારી આત્મનિર્ભર બની છે : ઉપપ્રમુખ કનુભાઈ મદાત**

બાયડ તા.૮

સમગ્ર રાજ્યમાં૮ માર્ચના રોજ આંતરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે જે અંતર્ગત અરવલ્લીનાં મોડાસા ખાતે જીલ્લા પંચાયતનાં ઉપપ્રમુખશ્રી કનુભાઈ મદાતની અધ્યક્ષતામાં આંતરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઈ હતી. મોડાસાના ભામાશા હોલ ખાતે યોજાયેલ ઉજવણીમાં અધ્યક્ષ સ્થાનેથી પ્રવચન કરતા ઉપપ્રમુખશ્રી કનુભાઈ મદાતે જણાવ્યું હતું કે, આજની નારી અબળા નહિ પણ સબળા બની છે. રાજ્યની આ સરકાર મહિલાલક્ષી અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. જેના થકી મહિલાઓ આત્મનિર્ભર બની છે. રાજ્ય સરકારના બજેટમાં પણ મહિલા વિકાસને પ્રાધાન્ય આપવા મહત્તમ ફાળવણી કરવામાં આવી છે. મહિલાઓની તમામ ક્ષેત્રોમા ભાગીદારી વધી હોવાનું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે હાલમાં રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની પરિસ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે ગુજરાતની દિકરી દિશા ગડાએ પોતાના જીવના જોખમે હજારો ભારતીઓને પરત લાવવાની કપરી કામગીરી કરી છે તે આપના માટે ગૌરવની વાત છે.

આ પ્રસગે જીલ્લા સમાહર્તાશ્રી ડૉ.નરેન્દ્રકુમાર મીનાએ આંતરાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, મહિલાઓના સશક્તીકરણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત પ્રયાસ કરી રહી છે અન્ય દેશોની તુલનામાં રાજકીય સશક્તિકરણ કરવામાં ભારતમાં સૌથી વધુ મહિલાઓ ભાગીદારી છે. વધુમાં તેમને જણાવ્યું હતું કે, સશસ્ત્રદળ જેવા જેખામી ગણાતા ક્ષેત્રોમા પણ મહિલાઓ આજે અગ્રેસર છે. તેમને દીકરીઓએને વધુ સારૂ શિક્ષણ મેળવીને જાગૃત થઈ તેમને મળતી તકને ઝડપી લેવી જોઈએ. કાર્યક્રમમાં ઉપસ્થિત મોડાસા નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી જલ્પાબેન ભાવસારે જણાવ્યું હતું કે, સમાજને સશક્ત કરવાનું કામ મહિલાઓ કરી રહી છે. આજે ઓટોરીક્ષાથી માંડી એરોપ્લેન ચલાવવાની કામગીરી મહિલાઓ કરી રહી છે. તેમણે વુમન એમ્પાવરથી માંડી વુમન ડેવલોપમેન્ટનુ કામ રાજ્યની આ સરકાર કામ કરી રહી હોવાનું તેમણે ઉમેર્યુ હતું. જિલ્લા અગ્રણી રાજેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્યની આ સરકાર માતાના ગર્ભથી માંડી દીકરીના શિક્ષણ, આરોગ્ય અને તેના લગ્ન સુધીની ચિંતા કરે છે અને તેના માટે અનેક વિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. વર્ષો અગાઉ સ્ત્રી રેશીયાનું પ્રમાણ નીચું હતું જે આજે વધીને ઘણું ઊંચુ આવ્યું છે. અરવલ્લી જીલ્લાના ૬ તાલુકા પંચાયતો પૈકી ચાર તાલુકા પંચાયતના પ્રમુખ પદ મહિલાઓ સંભળી રહી છે. એ નારી સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ છે. આ પ્રસંગે નારીશક્તિ પ્રતિજ્ઞાનું વાંચન કરવામાં આવ્યું હતું. વિશ્વ મહિલા દિનની ઉજવણી પ્રસંગે પૂર્વ ધારા સભ્ય શ્રીમતિ ભીખીબેન પરમાર, મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન શ્રીમતી રમીલાબેન પરમાર, પ્રાંત અધિકારીશ્રી અમીત પરમાર, જીલ્લા પુરવઠા અધિકારી શ્રીમતી મીતાબેન ડોડીયા, સહીત સમાજના શ્રેષ્ઠ-અગ્રણીઓ અને મોટી સંખ્યામાં નારી શક્તિ ઉપસ્થિત રહી હતી.



# મહિલા દિવસ એક દિવસ અગાઉ જ વૃદ્ધ મહિલાનું સન્માન ના જળવાયું

**પ્રાંતિજ ખાતે તંત્ર ની મહેરબાની થી ૯૫ વર્ષના દાદીને એમ્બ્યુલન્સ મારફતે સબ રજીસ્ટ્રાર ઓફિસ મા લાવવામા આવ્યાઃ એક અંગૂઠાના થંભ અને ફોટો માટે ૬૦ કિલોમીટરનું અંતર કાપી ૯૫ વર્ષના બેડરીડલ દાદીને એમ્બ્યુલન્સ મારફતે સબ રજીસ્ટ્રાર કચેરી પોહચ્યા : સરકાર તથા તંત્ર દ્વારા આવા વૃધ્ધો માટે સ્પેશ્યલ સગવડ વ્યવસ્થા પુરી પાડવા માંગ : ભગવાન ના દ્વારે ઉભેલ ૯૫ વર્ષના દાદીએ ૬૦ કિલોમીટરનુ અંતર કાપી અંગૂઠાનુ થંભ આપ્યુ**

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે ૯૫ વર્ષ ના દાદીને એમ્બ્યુલન્સ મારફતે ૬૦ કિલોમીટર નુ અંતર કાપી સબ રજીસ્ટ્રાર ઓફિસ મા માત્ર અંગૂઠા ના થંભ અને ફોટો પાડવા માટે લાવવામા આવ્યા ત્યારે આવા ઉમર લાયક વૃધ્ધો ને દર્દીઓને જવાબદાર તંત્ર દ્વારા તેવોના ધરે કે હોસ્પિટલ મા જઈ ને થંભ સહિત ઓળખવિધિ પુરી પાડવામા આવે તેવી લોકમાંગ

પ્રાંતિજ ખાતે આવેલ સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે જમીન ના દસ્તાવેજ માં ફોટો થંભ આપવા માટે અમદાવાદ થી ૯૫ વર્ષ ના દાદી ને એમ્બ્યુલન્સ મારફતે સબ રજીસ્ટ્રાર ની ઓફિસ પ્રાંતિજ ખાતે લાવવામા આવ્યા હતા ત્યારે એકબાજુ ધડપણ અને બીજી બાજુ થાપા નુ ઓપરેશન કરેલ હોય તેવા ૯૫ વર્ષ ના દાદી વિનોદાબેન પરીખ ને સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે લાવવામા આવ્યા હતા ત્યારે તંત્ર દ્વારા આવા દર્દીઓ માટે ખાસ વ્યવસ્થા કરવામા આવે અને દર્દી ના ધરે કે દવાખાને જઈ ને તેવો નો ફોટો થંભ લેવામા આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે ત્યારે હાલતો ૯૫ વર્ષ ના દાદી ભગવાન ના દ્વાર આગળ ઉભેલ છે તેવા દાદીને તંત્ર ના વાકે ૯૫ વર્ષ ના દાદીને ૬૦ કિલોમીટર નુ અંતર કાપી માત્ર થંભ અને ફોટો પડાવવા માટે પ્રાંતિજ સબ રજીસ્ટ્રાર કચેરી મા આવ્વુ પડયુ હતુ ત્યારે ધડપણ મા હેરાણી તંત્ર ની મહેરબાની તેમ કહીએ તો નવાઈ નહી ત્યારે તંત્ર અને સરકાર દ્વારા આવા દર્દીઓ માટે કોઈ સ્પેશ્યલ વ્યવસ્થા કરવામા આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે



**દિપકભાઇ પરીખનું શું કહેવુ છે**

જમીનના દસ્તાવેજ ને લઈ ને સહી કરવા માટે ફઈબા ને લાવ્યા છીએ કચેરી દ્વારા રૂબરૂ લાવવાનુ કહેતા છેવટે ૯૫ ના દાદીને લાવવામા આવ્યા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**રક્તદાન મહાદાન**

# પાલનપુરમાં રૂ. ૨૦ હજારની લાંચ લેતા કલાસ વન અધિકારી ઝડપાયો

**લેબર લાયસન્સ પેટે ૨૦ હજારની લાંચ લેતાં આસીસ્ટંટ લેબર કમીશ્નર એસીબીના છટકામાં ઝડપાયો : ૨૦૦ લેબરના લાયસન્સ ઇશ્યુ કરવા લેબર દીઠ રૂ.૧૦૦ ની લાંચ માંગી હતી**

પાલનપુર તા.૮

પાલનપુરની મદદનીશ શ્રમ આયુક્ત કચેરીના કલાસ વન અધિકારી આસીસ્ટંટ લેબર કમીશ્નરે એક લેબર કોન્ટ્રાકટર પાસે લેબરોના લાયસન્સ કાઢવા માટે રૂ.૨૦ હજારની લાંચ માંગતા એસીબીની ટીમે સેવા સદન બેમાં છટકું ગોઠવી ને રૂ.૨૦ હજારની લાંચ લેતા ઉચ્ચકક્ષાના અધિકારીને રંગેહાથ ઝડપી પાડતા વહીવટી તંત્રમાં હલચલ મચી જવા પામી હતી.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર જોરાવર પેલેસના સેવા સદન બેમાં આવેલ જિલ્લા કક્ષાની મદદનીશ શ્રમ આયુક્ત કચેરીમાં એક લેબર કોન્ટ્રાકટરે ૨૦૦ લેબર ના લાયસન્સ માટે અરજી કરતા અહીં ફરજ બજાવતા આસીસ્ટંટ લેબર કમીશ્નર કલાસ વન અધિકારી અશોકભાઈ મોહનલાલ મોદીએ અરજદાર પાસે એક લેબરના ૧૦૦ રૂપિયા લેખે ૨૦૦ લેબરના લાયસન્સ માટે રૂ.૨૦ હજાર ની ગેરકાયદેસર લાંચની માંગણી કરી હતી જોકે અરજદાર આ અધિકારીને લાંચ આપવા માંગતા ન હોય તેંમને પાલનપુર એસીબી કચેરીમાં ફરિયાદ આપતા એસીબી પીઆઈ એન.એ. ચૌધરીએ તેમની ટીમ સાથે બપોરે સેવા સદન બે માં છટકું ગોઠવ્યું હતું જેમાં અરજદાર પાસે થી આસીસ્ટંટ લેબર કમીશ્નર અશોકભાઈ મોહનલાલ મોદી રૂ.૨૦હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ જતા આ કલાસ વન અધિકારી સામે લાંચ રૂશ્વતનો ગુનો દાખલ કરવામાં આવતા જિલ્લા વહીવટી તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો હતો.



# ધનસુરા ખાતે સિનિયર સિટીઝનનો સન્માન સમારંભ યોજાયો હતો




ધનસુરા, તા. ૮

અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે સિનિયર સિટીઝન નો સન્માન સમારંભ યોજાયો હતો. ધનસુરા સિનિયર સિટીઝન ટ્રસ્ટ દ્વારા જે.એસ.મહેતા હાઈસ્કૂલ ના સાંસ્કૃતિક હોલ ખાતે મોડાસા બી.એડ કોલેજ ના પ્રિન્સિપાલ ડો.બિપીનભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને ૭૫ વર્ષ ઉપરના સિનિયર સિટીઝન નો સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન પદે ધનસુરા ના સરપંચ હેમલત્તા બેન પટેલ, અરવિંદભાઈ જયસ્વાલ સાથે અતિથિ વિશેષ પદે આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ના પ્રમુખ જયંતિલાલ શાહ,ધનસુરા કેળવણી મંડળ ના ટ્રસ્ટી રાજેન્દ્રભાઈ મહેતા પ્રમુખ કાન્તિભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ૭૫ વર્ષ ના સિનિયર સિટીઝન નો ને દાતા શ્રી અને મહેમાનો ના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ ના પ્રમુખ ગોવિંદભાઈ પટેલ એ ઉપસ્થિત મહેમાનો નું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. આ સમગ્ર કાર્યક્રમ માં ટ્રસ્ટ ના તમામ હોદ્દેદારો ધ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ના અંતે મંત્રી મૂળજીભાઈ પટેલ એ આભાર વિધિ કરી હતી.અને કાર્યક્રમ બાદ સમુહ ભોજનનું આયોજન કરવામાં આવ્યુ હતું.

# બાયડના ખેડૂતની દીકરી નિકિતા પટેલનું વડોદરા ખાતે ગરિમા એવોર્ડથી સન્માન

ધનસુરા, તા. ૮

૮ માર્ચ ના રોજ વિશ્વ મહિલા દિવસ ઉજવાય છે આજના જમાના મા દીકરીઓ અનેક ક્ષેત્ર માં નામના મેળવી રહી છે ત્યારે બાયડ ના એક ખેડૂત પુત્ર રમણભાઈ પટેલ ની પુત્રી નિકિતા ને વડોદરા ખાતે મહિલા દિન નિમિત્તે યોજાયેલ કાર્યક્રમ માં ગરિમા એવોર્ડ થી સન્માન કરવામાં આવ્યું હતું. નિકિતા પટેલ એ શિક્ષણ ક્ષેત્રે અવનવી સિદ્ધિઓ હાંસલ કરી છે તેમજ ગુજરાતી હિન્દી કાવ્ય રચનાઓ પણ કરી છે. અગાઉ પણ ઘણા પ્રમાણપત્રો અને એવોર્ડથી તેમનું સન્માન કરવામાં આવેલું છે. ત્યારે મહિલા દિન નિમિત્તે વડોદરા માં યોજાયેલ કાર્યક્રમ માં તેમને ગરિમા એવોર્ડ થી સન્માન કરાતા સમાજ ના અગ્રણીઓ અને સૌ લોકોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા. અને તેઓ આગળ સિદ્ધિઓ હાંસલ કરે એવી શુભકામનાઓ પાઠવી હતી.




# યુક્રેન ખાતે યુદ્ધમાં ફસાઈ ગયેલી દીકરી માદરે વતન હેમખેમ આવી પહોંચતા પરિવારમાં ખુશીની લહેર

ડીસા, તા. ૮

સંસ્કૃતમાં એક ઉક્તિ છે યુદ્ધસ્ય કથા રમ્યા યુદ્ધની કથા રમણીય હોય છે પણ યુદ્ધના માહોલમાં જેણે અમુક કલાક કે દિવસ વિતાવ્યા હોય તે જ સાચી માહિતી અને અસલ હકીકત સ્વમુખે રજૂ કરી શકે હાલ માં રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે આવી પરિસ્થિતિ માં યુક્રેનના ખારકીવથી વતન પરત ફરેલ બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના આકોલી ગામની વતની અને એમ બી બી એસ ના પ્રથમ વર્ષમાં ભણતી જિનલ નવીનભાઈ માળીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે યુદ્ધની વિકટ પરિસ્થિતિમાં પાંચથી સાત દિવસ સુધી ખાધા પીધા વગર બંકરમાં વિતાવ્યા અને સતત બોંબ વર્ષા અને ગોળીબારીના માહોલમાં તેણી પોલેન્ડ સરહદ સુધી પગપાળા ચાલીને મહામુસીબતે પહોંચી અને ત્યાંથી ભારત સરકારના સંનિષ્ઠ પ્રયાસોને કારણે આજે વતન હેમખેમ પરત ફરી છે ત્યારે તેના આગમન ને લઈ સમગ્ર પરિવાર સહિત આકોલી ગામ માં ખુશી ની લહેર વ્યાપી જવા પામી હતી આવી કપરી પરિસ્થિતિ માં હેમખેમ પોતાની દીકરી ને .માદરે વતન પહોંચાડવા બદલ પરિવારજનો એ પી એમ નરેન્દ્રભાઈ મોદી ની સરકારો આભાર માન્યો હતો



### શુભ પ્રસંગ- પ્રોપર્ટી લે-વેચ ઉપર ગ્રહણ લાગ્યું

# હોળાષ્ટક : ઉત્તર ગુજરાતમાં આજથી ૧૦ દિ માટે શુભકાર્યો ઉપર બ્રેક વાગી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

આજે બુધવારથી હોળાષ્ટકની શરૂઆત થશે જેના કારણે ઉત્તર ગુજરાતમાં શુભ પ્રસંગ તેમજ પ્રોપર્ટી લે-વેચ ઉપર ગ્રહણ લાગુ પડી જશે. અત્યાર સુધી પ્રજા લગ્ન સહિતના શુભ પ્રસંગમાં દોઢ મહિના સુધી આનંદ મેળવ્યો હતો પરંતુ હવે હોળાષ્ટકના કારણે હિંદુ શાસ્ત્રોક્ત મુજબ શુભ કાર્યો થઈ શક્તા ન હોવાના કારણે ૧૦ દિ સુધી બ્રેગ વાગી જશે. જેના કારણે ઝવેરી સહિતના અન્ય ધંધા-રોજગારને મોટો ફટકો પડવાની દહેશત છે.

કોઈપણ પરિવાર પોતાના ત્યાં શુભ અવસર હોય ત્યારે હંમેશાં મુહૂર્ત ઉપર મદાર રાખતો હોય છે. આજે ૨૧મી સદીમાં પણ મોટાભાગનો સમુદાય શ્રદ્ધા-અંધશ્રદ્ધામાં ગળાબૂડ જોવા મળ્યો છે. તા.૯ માર્ચથી હોળાષ્ટક બેસી જાય છે જેના કારણે તા.૧૯ માર્ચ સુધી શુભકાર્યો થઈ શક્તા નથી તેવી માન્યતા વર્ષોથી ચાલી આવી છે જેના કારણે લગ્ન ઉપરાંત નવું વાહન, મિલ્કત ખરીદી થઈ શકતી નથી. જેથી હોળાષ્ટક ખાસ કરીને ઝવેરી તેમજ ઓટો બજારને માર્ચ મહિનાના હિસાબી વર્ષના અંતિમ મહિનામાં સાડા સાતી લાવી દે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. જ્યોતિષીઓ દ્વારા પણ હોળાષ્ટક સુધી કોઈપણ શુભ કાર્ય થઈ શક્યું ન હોવાનું જણાવાઈ રહ્યું છે.

### હોળી અગાઉ ખેડુતોની હૈયા હોળી

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કમોસમી માવઠાના પરોઢે વાદળ દેખાયા

**માવઠું વરસે તો ઘઉં, રાયડો, ચણાના પાકને નુકસાન, ન વરસે તો બાગાયતી પાકમાં રોગચાળાની દહેશત**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

હોળી અગાઉ ખેડુતો માટે હૈયા હોળી જેવી સ્થિતિ સામે આવી છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં તા.૮ માર્ચની પરોઢે કમોસમી માવઠાના વાદળ દેખાતા ખેડુતો તમામ કામ પડતા મૂકી ખેતરમાં પહોંચી ગયા છે. માવઠું વરસે તો તૈયાર ઘઉં, રાયડો, ચણાના પાકને નુકસાન થવાની દહેશત વધી છે અને ન વરસે ૨-૩ દિવસ વાદળછાયું વાતાવરણ રહે તો બાગાયતી પાકમાં રોગચાળો વકરવાની દહેશત સેવાય છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર હવામાન વિભાગે સપ્તાહ અગાઉ કમોસમી માવઠું વરસે તેવી આગાહી વ્યકત કરી હતી. રવિવારથી તાપમાનનો પારો ૩૫ ડિગ્રીને પાર કરી જતાં લમણા શેકતી ગરમીથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી હતી. બપોર થતાં ગામડાં અને રસ્તાઓ સૂમસામ ભાસતા હતા. એકમાત્ર ખેડુતો અને ખેતમજુરોની હાજરીથી સીમાડા જીવંત લાગતા હતા. મંગળવાર સવારથી જિલ્લામાં કમોસમી માવઠું વરસે તેવી આગાહી મુજબ વાદળો દેખાતા ધરતીપુત્રો ચિંતિત બન્યા છે. હોળી-ધુળેટીનું પર્વ નજીક આવતા પંચમહાલ-દાહોદના શ્રમજીવીઓ વતનની વાટ પકડી લીધી છે.જેથી ખેડુતોને ઘઉં વાઢવા હોય તો પણ મુશ્કેલી ઉભી થાય તેવી સ્થિતિ પ્રવર્તિ રહી છે. જો માવઠું વરસે તો ઘઉંનો પાક ભીંજાઈ જાય અને ખેડુતોને રોવાનો વારો આવે તેવી દહેશત પ્રવર્તિ રહી છે. કમોસમી માવઠું ન વરસે અને સંકટના વાદળો વિખૂટા પડે તે માટે અનેક ખેડુતો પ્રાર્થના કરતા જોવા મળ્યા હતા. જિલ્લા ખેતી વિભાગે પણ આગામી બે દિવસ માવઠાની શક્યતા હોવાથી તૈયાર ખેતપેદાશ તાડપતરીથી ઢાંકીને રાખવા ખેડુતોને સલાહ આપી છે અને તૈયાર પાક વાઢ્યો ન હોય તો હાલપૂરતી વાઢવાની કામગીરી મોકૂફ રાખવા પણ અપીલ કરી છે.